ક્રમાંક:ઓડીટ/જીઆઈએ/બહાલી/૨૦૨૨/૬૯૪-૭૫૮

કમિશનર, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડો. જી. મ. ભવન
ગુ.રા., ગાંધીનગર
તા.૮-૨-૨૦૨૨

વંચાણે લીધા :
૧.શિક્ષણ વિભાગના ઠ.ક્ર.બમશ/૧૧૯૯/૭૪૧ (૩)/ગ, તા.૨-૭-૧૯૯૯
૨. શિક્ષણ વિભાગના ઠ.ક્ર.બમશ/૧૧૯૯/૧૯૧૯/ગ, તા.૩૦-૧૧-૧૯૯૯
૩. શિક્ષણ વિભાગના ઠ.ક્ર.બમશ/૧૧૨૦૦૦/એમ/૪૨/ગ, તા.૧૯-૬-૨૦૦૦

**પ રિ પ ત્ર :**

આમુખમાં દર્શાવેલ ઠરાવ અન્વયે રાજયમાં આવેલ બિનસરકારી અનુદાનિત શાળાઓમાં મકાનભાડા ચુકવવા બાબતે અમુક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તથા શાળા કક્ષાએથી અલગ અલગ અર્થઘટન કરવામાં આવે છે તેમજ મકાનભાડાની ચુકવણી બાબત આ કચેરી પાસે વારંવાર માર્ગદર્શન અને સ્પષ્ટતા માંગવામાં આવે છે.તા.૨-૭-૧૯૯૯ના શિક્ષણ વિભાગના ઠરાવ બાદ ગ્રાન્ટ નીતિમાં ફેરફાર થતાં વર્ગ આધારિત ગ્રાન્ટ ચુકવવા માટેના ઠરાવ થયેલ છે. તા.૨-૭-૧૯૯૯ ના ઠરાવ પહેલાં બિનસરકારી અનુદાનિત શાળાઓમાં પે પેકેજના ૧૦ %, ૧૨.૫ % અને ૧૫ % મુજબ નિભાવ ગ્રાન્ટ ચુકવવામાં આવતી હતી અને આ નિભાવ ગ્રાન્ટ કાર્યપાલક ઈજનેરશ્રીના સર્ટીફિકેટના આધારે ચુકવવામાં આવતી હતી. તા.૨-૭-૧૯૯૯ ના ઠરાવની જોગવાઈથી નવી ગ્રાન્ટ નીતિ અમલમાં આવતાં ૬૫ % નિભાવ ખર્ચ અને ૩૫ % મકાનભાડા પેટે ફાળવવાની જોગવાઈ થતાં તા.૨-૭-૧૯૯૯ પહેલાંની સ્થિતિની હવે જરુરીયાત ન રહેતાં તા.૨-૭-૧૯૯૯ બાદ કાર્યપાલક ઈજનેરશ્રીના સર્ટીફિકેટ હવે ધ્યાને ન લેતાં શાળા ધ્વારા ખરેખર ચુકવાયેલ મકાન ભાડુ અથવા ૩૫ % ની મર્યાદામાં મળવાપાત્ર ગ્રાન્ટની રકમમાંથી જે ઓછુ હોય તે શાળાને મળવાપાત્ર થશે. આ મુજબની સ્પષ્ટતા દરેક જિલ્લા શિક્ષણાધિકારી તથા શાળાએ ધ્યાને લેવાની રહેશે.

સંયુકત નિયામક (હિસાબ)
કમિશનર, શાળાઓની કચેરી,
ગુ.રા., ગાંધીનગર

પ્રતિ,
-સંયુકત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક), સદર કચેરી.
-જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ
-ઓડીટ અધિકારીશ્રીઓ, તમામ, આ કચેરી
-સિનિયર ઓડીટર/ઓડીટર ગૃપ-૧ તથા શાખાના તમામ કર્મચારીઓ
-આચાર્યશ્રી/પ્રમુખશ્રી/મંત્રીશ્રી, અનુદાનિત શાળાઓ, ગુજરાત રાજય (જિલ્લા શિક્ષણાધિકારી મારફત)
-હુકમ ફાઈલે

ક્રમાંક: હિસાબી-૨/પરીપત્ર/૨૦૨૨/૭૩૧-૭૬૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૧૦/૦૨/૨૦૨૨

નકલ રવાના જાણ તથા અમલ સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત મા.અને ઉ.મા.શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned by CamScanner